Divyabhaskar

EDII

July 26, 2024
Pg. 3

# ઈડીઆઈ અને રાષ્ટ્રીય મહિલા આયોગના '100 આંત્રપ્રિન્યોરશિપ અવેરનેસ'નું સમાપન

**અમદાવાદ** । ઈડીઆઈ અને રાષ્ટ્રીય મહિલા આયોગ દ્વારા આંત્રપ્રિન્યોરશિપ અવેરનેસ પ્રોગ્રામના માધ્યમથી ઉદ્યોગ સાહસિકતાને વિકસાવવા માટેની મથામણ કરવામાં આવી છે. આશરે 100 જેટલા આંત્રપ્રિન્યોરશિપ અવેરનેસ પ્રોગ્રામ અંતર્ગત ભારતની 5796 મહિલા ઉદ્યોગ સાહસિકોને જાગૃત્ત કરવામાં આવી છે. ઈડીઆઈ, અમદાવાદ ખાતે 25 જુલાઈ, 2024ના રોજ '100 આંત્રપ્રિન્યોરશિરપ અવેરનેસ પ્રોગ્રામ (ઈએઈપી)ના સમાપન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ મહિલાઓમાં ઉદ્યોગ સાહસિકતાને લગતા કૌશલ્યો વિકસાવવા માટેનો હતો, જેના ભાગરૂપે મહિલા આંત્રપ્રિન્યોરશિપના કારણે થતાં ફાયદાઓ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.મહિલાઓને પોતાના વ્યવવસાય માટે જ્ઞાન, કૌશલ્ય અને પ્રેરણા મળી રહે તે માટે ઉદ્યોગ સાહસિકો, સરકારી,અધિકારીઓ, બેન્કર્સ, માર્ગદર્શકો અને સંશોધકો સાથે વાર્તાલાપ કરીને નેટ વર્કીંગની તકો અપાઈ હચી. આ પ્રોજેક્ટ બીજી જૂન,2023ના રોજ લોન્ચ કરાયો હતો.